જા.ક્ર.મા-૧/૨૦૨૫/ ૧૨૬૫૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૦૭/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની ધોરણ-૧૦, સંસ્કૃત પ્રથમા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમા ની ફેબ્રુઆરી-૨૦૨૬ થી યોજાનાર બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ઓનલાઈન તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક થી તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી ભરી શકાશે તે અંગેની તા.૦૬/૧૧/૨૦૨૫ની અખબારી યાદીની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

<u>નકલ સવિનય રવાના</u>:-

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૦, સંસ્કૃત પ્રથમા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમા ની ફેબ્રુઆરી-૨૦૨૬ થી યોજાનાર બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ઓનલાઇન તા:૦૭/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી તા:૦૬/૧૨/૨૦૨૫ ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી બોર્ડની વેબસાઇટ **gseb.org** પરથી ભરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લઇ સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા જણાવવામાં આવે છે. ધોરણ-૧૦, સંસ્કૃત પ્રથમા, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાના તમામ [નિયમિત, પુનરાવર્તિત(રિપીટર), GSOS રેગ્યુલર, GSOS પુનરાવર્તિત(રીપીટર) તથા પૃથ્થક] વિદ્યાર્થીઓના આવેદનપત્રો ફરજિયાત ઓનલાઇન ભરવાના રહેશે. જે અંગેની જરૂરી સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ: ૦૬/૧૧/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર